ડૉ સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન
સહાય યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/0042/G
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૭/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૪/૨૦૦૦ અને તા.૧૩/૦૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: એમબીસી/૧૧૯૭/ન.બા.૮/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: એમબીસી/૧૧૯૭/ન.બા.૮/ગ (પા.ફા)

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૮૩૬૬/ન.બા-૦૧/ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૬/૦૪/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/મ-૫/૨૦૨૪/૧૧૮૪

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૧/૪/૨૦૦૦ના ઠરાવથી અસ્પૃશ્યતા દુર કરવાના ભાગરૂપે અનુસૂચિત જાતિની વ્યક્તિ હિંદુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરે તેવા યુગલ માટે ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. આ યોજના હેઠળ હાલમાં રૂ.૨,૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

આ યોજનામાં મળેલ અરજીઓ સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા સ્થળ ચકાસણી કરીને કરવામાં આવેલ ભલામણના આધારે મંજૂર કરવામાં આવે છે. જેમાં વધુ સમય પસાર થતા લાભાર્થીઓની અરજી મંજૂર કરવામાં વિલંબ થાય છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૪) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા યોજનાનો લાભ લાભાર્થીઓને ઝડપી અને સરળતાથી મળી રહે તે માટે અરજદારની અરજી અંગે સ્થળ તપાસણી ન કરતાં અરજીમાં સમાવિષ્ટ ડોક્યુમેન્ટના આધારે અરજી મંજૂર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા સ્થળ ચકાસણી કરીને કરવામાં આવેલ ભલામણના આધારે અરજી મંજૂર કરવામાં આવે છે, જેના બદલે લાભાર્થી દ્વારા અરજી સાથે રજૂ કરવામાં આવેલ ડોક્યુમેન્ટસના આધારે અરજી મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Jul-2024 (01:03 PM)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૦૧/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Jul-2024 (01:03 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪